GUJARATI

# ઉપયોગ કરનારાઓ માટે

# *રિંગ એન્ડ રાઇડ*

(ફોન કરો અને પરિવહન કરો)

# ની માર્ગદર્શિકા

વુલ્વરહેમ્પટન વૉલસોલ બર્મિંગહામ
ડડલી સેન્ડવેલ સૉલિહલ કૉવેન્ટરી

*વેસ્ટ મિડલેન્ડ્સમાં વિશિષ્ટ જરૂરિયાતો માટે પરિવહન*

# અનુક્રમણિકા પૃષ્ઠ


- પ્રસ્તાવના 2
- રિંગ એન્ડ રાઇડ શું છે? 3
- પ્રવાસ માટે બૂકિંગ કરવું 5
- શું હું રિંગ એન્ડ રાઇડનો ઉપયોગ કરી શકું? 6
- રજિસ્ટર કેવી રીતે થવું 7
- પ્રવાસ માટે બૂકિંગ કરવું 11
- પ્રવાસ માટે નાંણા ચૂકવવા 15
- પ્રવાસ વિષે સલાહ 16
- સમગ્ર પ્રાંતમાં મુસાફરી કરવી - સીમા પાર કરવી 18
- ગ્રાહકોની સંભાળ - રિંગ એન્ડ રાઇડ સર્વિસની બસમાં સલામત રીતે પ્રવાસ કરવો 20
- વધારે માહિતી મેળવવી અને સેવા વિષે ટીકાટિપ્પણ કરવી 23
- કન્સેશનરી પાસ (છૂટછાટ) વિષે માહિતી 28
- અન્ય માહતી 29
- ચેરિટી (સખાવતી સંસ્થા)નાં કાર્યને પ્રોત્સાહન આપવું 30

# પ્રસ્તાવના

ચેર ઑફ ટ્રસ્ટીસ, રૅની સ્પેક્ટર (M.B.E.) નો સંદેશો

ધ વેસ્ટ મિડલેન્ડ્સ સ્પેશ્યલ નીડ્સ ચેરિટી (વેસ્ટ મિડલેન્ડ્સમાં વિશિષ્ટ જરૂરિયાતો માટે પરિવહનની સખાવતી સંસ્થા)

**રિંગ એન્ડ રાઇડ યુઝર હેન્ડબૂકની એક નકલ તમને સહર્ષ આપવામાં આવે છે.**

૧૯૮૦નાં દાયકામાં, જ્યારે ધ વેસ્ટ મિડલેન્ડ્સ સ્પેશ્યલ નીડ્સ ચેરિટી ની ગોઠવણી કરવામાં આવી હતી, ત્યારે ચલાયમાન રહેવાની મુશ્કેલીઓ ધરાવતા લોકોને માટે સરળતાથી મેળવી શકાય તેવા જાહેર પરિવહનનો ખ્યાલ પ્રચલિત ન હતો. આ સખાવતી સંસ્થાનાં સ્થાપકોને સમજાયું કે બારણાથી બારણા સુધીની સેવાની જરૂર હતી અને વર્ષો જતા આવી સેવા માટેની માગણી વધશે.

વેસ્ટ મિડલેન્ડ્સ પેસેન્જર ટ્રાન્સપોર્ટ ઑથોરિટી નાં ટેકા સાથે, વેસ્ટ મિડલેન્ડ્સમાં રિંગ એન્ડ રાઇડનો ઉગાવો થયો અને હવે તે યુનાઇટેડ કિંગડમમાં આવી સેવાઓ ચલાવતી સૌથી મોટી સંસ્થા છે. છતાં પણ, ઘણું કાર્ય કરવાનું બાકી છે: વર્ષમાં ૨ મિલિયન પ્રવાસો પૂરા પાડવા છતાં અમે જાણીએ છીએ કે ઘણી વ્યક્તિઓ માટે તેમની પ્રવાસની જરૂરિયાતો પૂરી પાડવા માટે પુરતી સેવાઓ ઉપલબ્ધ નથી. ઉપરાંત, જનતાની ઉંમર વધતી જાય છે અને નીચા ભોંયતળિયાવાળી બસની ઉપસ્થિતિ થઇ હોવા છતાં, મોટા ભાગનાં ઉપયોગ કરનારાઓ બસ સ્ટૉપ સુધી જવામાં અશક્યતાનો અનુભવ કરે છે.

આ સખાવતી સંસ્થા સેવાને ફેલાવવાનું ચાલુ રાખવા માટે વચનબદ્ધ છે અને તે દિશામાં સપ્ટેમ્બર ૨૦૦૩માં શરૂ કરવામાં આવનાર ક્રોસ બાઉન્ડરી સર્વિસ એક વધારે પગલું છે.

આ હેન્ડબૂકનો ઇરાદો તે કેવી રીતે કાર્ય કરે છે અને શું શું ઉપલબ્ધ છે તે વિષે સમજ આપીને સેવાનો સર્વોત્તમ ઉપયોગ કરવા માટે તમને મદદ કરવાનો છે. મને આશા છે કે તમને તે ઉપયોગી લાગશે અને તમારી અંગત ચલાયમાન રહેવાની શક્તિને સુધારવામાં રિંગ એન્ડ રાઇડની સેવા થોડો ભાગ ભજવશે.

# રિંગ એન્ડ રાઈડ શું છે?

ચલાયમાન રહેવાની મર્યાદિત શક્તિ ધરાવતા ઘણાં લોકો માટે સ્વતંત્ર રીતે હરવા ફરવાની મોટી મુશ્કેલી હોય છે. આ બાબત તેમની પસંદગી અને તક પર અંકુશ મૂકીને તેમને જે રીતે જીવન જીવવું હોય તે કરવામાંથી અટકાવે છે.

આ બાબતનાં પ્રત્યુત્તરમાં, રિંગ એન્ડ રાઇડ બારણેથી બારણા સુધીની એક બસની સેવા પૂરી પાડે છે જેનો ધ્યેય વ્યક્તિગત પ્રવાસની જરૂરિયાતો પૂરી પાડવાનો છે.

વર્ષમાં ૩૬૫ દિવસ, સવારનાં ૮.૦૦ વાગ્યાથી સાંજનાં ૧૧.૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ હોવાનો અર્થ એ થયો કે લોકો પ્રવાસ કરવાના હોય ત્યારે તેમને વધારે પ્રમાણમાં પસંદગી મળશે.

સમગ્ર વેસ્ટ મિડલેન્ડ્સમાં અમે લગભગ ૨ મિલિયન પ્રવાસો પૂરા પાડીએ છીએ જે મોટી અને સદાય વધતી જતી સેવા માટેની માંગણી પર પ્રતિબિંબ પાડે છે. મર્યાદિત સાધનસંપત્તિનો અર્થ એ થયો કે માગણી કરવામાં આવેલ સમય પર હંમેશાં પ્રવાસો પૂરા નહિ પાડવામાં આવી શકે. તે છતાં, લવચીક હોવાને લીધે તમારી પ્રવાસ કરવાની તકમાં તમે ઘણો વધારો કરી શકશો.

આ સેવા સ્થાનિક મુકામો સુધી અને આજુબાજુનાં વિસ્તારમાં અર્ધા માઇલ સુધી પ્રવાસ પૂરો પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એક મર્યાદિત ''ક્રોસ બાઉન્ડરી'' સર્વિસ જે રિંગ એન્ડ રાઇડની સેવાને સ્થાનિક રેલવેની સેવાઓ અને મેટ્રોનાં સમાવેશ સાથે, અન્ય પરિવહનની સેવા પુરી પાડનારાઓ સાથે જોડાવા માટે શક્તિમાન કરે છે, તેમાં આમ ઉમેરો થાય છે. આવી રીતે ઉપયોગ કરનારાઓ સમગ્ર વેસ્ટ મિડલેન્ડ્સમાં પ્રવાસ કરી શકે છે.

**હેન્ડબૂકનો ઉપયોગ કરવો**

*સેવા કેવી રીતે ચલાવવામાં આવે છે, સેવાનો ઉપયોગ કરનારાઓને સેવાનો વધારે અસરકારક રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે માટે એક 'વન-સ્ટૉપ' ગાઇડ આપીને આ હેન્ડબૂક એક સંપૂર્ણ સમજ પૂરી પાડે છે.*

# તમારા પ્રવાસ માટે બૂકિંગ કરવું (નામ નોંધાવવું)

## તમારો રજિસ્ટરેશન નંબર

તમે ફોન કરો ત્યારે ટેલિફોન ફોન

**બે દિવસ** અગાઉ બૂકિંગ કરવા

**એક દિવસ** અગાઉ બુકિંગ કરવા

**પ્રવાસ કરવાનાં દિવસે** બૂકિંગ કરવા

**સીમાની આરપાર** પ્રવાસ કરવા

તમારો પ્રવાસ રદ કરવા

વધારે માહિતી મેળવવા

ફેક્સ કરવા

ઇ – મેઇલનું સરનામુ

વેબસાઇટનું સરનામુ www.ringandride.org

**અમે તમને મદદ કરી શકીએ તે માટે મદદરૂપ રીતો**

- *જ્યારે શક્ય હોય, હંમેશાં બે દિવસ અગાઉ બૂકિંગ કરો*
- *તમારો રેજિસ્ટરેશન નંબર હાથવગો રાખો અને તમારા પ્રવાસની વિગતો તૈયાર રાખો*
- *કૃપા કરી તમારા પ્રવાસનાં સમય પ્રત્યે લવચીક રહો*
- *ફોન કરો ત્યારે કૃપા કરી તમારી વાતચીત શક્ય બને તેટલી ટૂંકી રાખો જેથી અન્ય લોકો ફોન પર વાત કરી શકે*

# શું હું રિંગ એન્ડ રાઈડનો ઉપયોગ કરી શકું?

## રિંગ એન્ડ રાઈડનો ઉપયોગ કરવા માટે લાયક થવા:

- તમને ચલાયમાન રહેવાની સમસ્યા હોવી જોઇએ જે તમારે માટે પરંપરિત જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનું અશક્ય કરી શકે.

- નીચે જણાવેલી વેસ્ટ મિડલેન્ડ્સની સાત શહેરી નગરપાલિકાઓમાંથી તમે એકનાં રહેવાસી હોવા જોઇએ:

  બર્મિંગહામ, કૉવેન્ટરી, ડડલી, સેન્ડવેલ, સૉલિહલ, વૉલસોલ, વુલ્વરહેમ્પટન.

- તમે કોઇ પણ ઉંમરનાં હોઇ શકો.

- તમારે ચલાયમાન રહેવાની મુશ્કેલી છે તે જણાવતો એક ફૉર્મ ભરવો પડશે.

- જો સેવાનો ઉપયોગ કરવા વિષે વ્યક્તિ વિષે શંકા હોય તો સખાવતી સંસ્થા ઉપયોગ કરનારને દાક્તર પાસેથી એક નોંધ લઇ આવવાની વિનંતી કરી શકે

**કૃપા કરી નોંધ કરો:**

*સૉલિહલ અને કૉવેન્ટરી વચ્ચેનાં અમુક વિસ્તારો જે 'મેરિડન ગેપ' તરીકે ઓળખાય છે, ત્યાં રિંગ એન્ડ રાઇડ ઉપલબ્ધ નથી. જો કે પ્રવેશની સરળતા આપતી પરિવહનની ''ટેક્સિબસ'' નામની સેવા એ સમાન સેવા પૂરી પાડે છે.*

# રજિસ્ટર કેવી રીતે થવું

**રિંગ એન્ડ રાઈડનો ઉપયોગ કરવા માટે જો તમારે રજિસ્ટર થવું હોય તો તમારે અથવા તમારા હિતાર્થે કોઇ અન્ય વ્યકિતએ તમે નિવાસ કરો તે વિસ્તારની ઓફિસનો સંપર્ક સાધવો જોઇએ.**

**ટેલિફોન નંબરો નીચે પ્રમાણે છેઃ**

- બર્મિંગહામ નોર્થ – જેમાં સમાવેશ થાય છે આસ્ટન, અર્ડિંગટન, હેન્ડસવર્થ, કાસલ વેલ, લેડીવૂડ, પેરી બાર, સટન કોલ્ડફિલ્ડ, વિન્સન ગ્રીન વગેરે.

  ટેલિફોન: 0121 333 3108

- બર્મિંગહામ સાઉથ – જેમાં સમાવેશ થાય છે બોર્નવિલ, એજબાસ્ટન, હારબોર્ન, કિંગ્સ નોરટન, લોન્ગબ્રિજ, નોર્થફિલ્ડ, ક્વિન્ટન, યાર્ડલી વૂડ, વગેરે

  ટેલિફોન: 0121 486 2663

- બર્મિંગહામ ઇસ્ટ/સોલિહલ – જેમાં સમાવેશ થાય છે આલમ રોક, બોર્ડસ્લી ગ્રીન, કાસલ બ્રોમિચ, ડોરિજ, નૌલ, શાર્ડ એન્ડ, સ્મોલ હીથ, યાર્ડલી, વગેરે.

  ટેલિફોન: 0121 784 6644

# રજિસ્ટર કેવી રીતે થવું

- **કોવેન્ટરી**

  ટેલિફોન: 02476 602177

- **ડડલી**

  ટેલિફોન: 0121 567 3000

- **સેન્ડવેલ**

  ટેલિફોન: 0121 567 3000

- **સોલિહલ**

  ટેલિફોન: 0121 784 6644

- **વૉલસોલ**

  ટેલિફોન: 01922 402232

- **વુલ્વરહેમ્પટન**

  ટેલિફોન: 01902 421515

સાંભળવાની નિર્બળતા ધરાવતા લોકો માટે મિનિકૉમની સુવિધા

(સર્વ વિસ્તારોમાં)

ટેલિફોન: 0121 359 0593

**ખાતરી નથી?**

*તમે ક્યા વિસ્તારમાં નિવાસ કરો છો તે વિષે જો તમને ખાતરી ન હોય, તો અમારી હેડ ઑફિસને 0121 333 3107 પર ફોન કરો.*

# રજિસ્ટર કેવી રીતે થવું

## ફોન પર રજિસ્ટર થવું

તમે જ્યારે સ્થાનિક ઑફિસમાં ટેલિફોન કરો ત્યારે  સર્વસામાન્ય બસની સેવાઓનો ઉપયોગ કરવામાં તમને કઇ સમસ્યાઓ નડે છે અને તમારી ચલાયમાન રહેવાની મુશ્કેલીનાં પ્રકાર વિષે તમને પૂછવામાં આવશે. (આમ કરવાથી તમે જ્યારે પ્રવાસ કરો ત્યારે અમે ખાતરી કરી શકશું કે બસ યોગ્ય રીતે સાધનસંપન્ન છે).

વધારામાં, તમને અમુક સાદા પ્રશ્નો પૂછવામાં આવશે જેવા કે નામ અને સરનામાની વિગતો, અને તમે અમારી સેવાનો ઉપયોગ કરી રહ્યા હોવ ત્યારે જો તમને મુશ્કેલી પડવાની ઘટના બને તો તમારા સગાસંબંધી અથવા કોઇ અન્ય વ્યક્તિનું નામ કે જેનો અમે સંપર્ક સાધી શકીએ.

**તમારો પ્રથમ પ્રવાસ?**

જ્યારે તમે પ્રથમ વાર રેજિસ્ટર થાઓ, તો તમે તમારી પ્રથમ પાછા વળવાની મુસાફરી ૭ દિવસ અગાઉ સુધી બૂક કરી શકશો  (સામાન્ય રીતે ૨ દિવસ અગાઉ જ બૂકિંગ કરી શકાય છે) જેથી તમારે કરવી હોય તેવી એક મુસાફરી વિષે વિચારણા કરી રાખી હોય તો લાભ થશે.

**કૃપા કરી નોંધ કરો**

આ માહિતીનો સંગ્રહ  કમ્પયુટર પર  કરવામાં આવે છે  જેથી બૂકિંગ કરવાની પ્રક્રિયા યોજના ઘડવાનાં હેતુઓમાં અમને મદદ થઇ શકે. ઉપયોગ કરનારની પરવાનગી મેળવ્યા વગર વ્યક્તિગત ઉપયોગ કરનારાઓ વિષે માહિતી આ સંસ્થાની  બહારે કોઇ અન્યને નહિ આપવામાં આવે.

# રજિસ્ટર કેવી રીતે થવું

રજિસ્ટર થઇ ગયા પછી, સ્થાનિક ઑફિસ એક માહિતી આપતો પેક્ મોકલશે જેમાં નીચે પ્રમાણેની બાબતોનો સમાવેશ હશે:

- તમારો રેજિસ્ટ્રેશન નંબર
- બૂકિંગ કરવા માટે તમારે ફોન કરવો જોઇએ તે ટેલિફોન નંબર અને તે કરવાનો સમય (ટેલિફોન નંબર વાળું એક સ્ટિકર હશે જે તમે તમારા ટેલિફોન પર ચોંટાડી શકો)
- ઉપયોગ કરનારા માટે યુઝર હેન્ડબૂક
- તમારા વિસ્તારમાં ચલાવવામાં આવતી કોઇ વિશિષ્ટ સેવા
- તમને એક ફૉર્મ પણ મોકલવામાં આવશે જેના પર તમારે સહી કરવી જોઇએ અને તે ચેરિટી (સખાવતી સંસ્થા)નો ઉપયોગ કરવાની તમારી લાયકાતને સમર્થન આપશે અને તમારી વંશજાતિની ઓળખ આપતો એક ફૉર્મ પણ હશે. આ બે ફૉર્મ પાછા મોકલવા માટે સાથે એક પરબિડીયું પણ હશે.

**નવા ઉપયોગ કરનારાઓ માટે**

*તમે ચેરિટી (સખાવતી સંસ્થા)નો ઉપયોગ કરવાનું ચાલુ રાખી શકો તે માટે તમારે ફૉર્મ પર સહી કરીને મોકલી આપવાની જરૂર છે.*

*અમુકવાર જ્યારે તમે પ્રથમ પ્રવાસ કરો ત્યારે બસ પર તમને માહિતી આપતો પેક આપવામાં આવશે.*

*જો આવું થાય તો સેવાનો ઉપયોગ કરવા વિષે જો તમારે કોઇ પ્રશ્નો પૂછવા હોય તો કૃપા કરી ડ્રાઇવરને પૂછો.*

# પ્રવાસ માટે બૂકિંગ કરવું

**ક્યારે અને કેવી રીતે બૂકિંગ કરવું?**

- આ હેન્ડબૂકની અંદર પૃષ્ઠ નંબર 5 પર બતાવેલા બૂકિંગ લાઇનનાં ટેલિફોન નંબર અને સમય પર તમારે બૂકિંગ કરવા માટે ફોન કરવો જોઇએ.

- તમે જ્યારે બૂકિંગ લાઇન પર ટેલિફોન કરો તો તમે સીધા સમયપત્રક બનાવનાર (શેડ્યુલર) ની સાથે વાત કરી શકશો જે તમારા વિસ્તારમાં ચલાવવામાં આવતા વાહનો સંબંધિત કાર્ય કરે છે. તમારો **રેજિસ્ટ્રેશન નંબર**, તમારે ક્યાં જવું છે અને ક્યારે તે બધું તેને જણાવો. જો તેઓ તમારી વિંનતી પૂરી પાડી શકે તો તમને ત્યારેજ બૂકિંગ દૃઢ કરી આપશે. જો તમારી માગણી પ્રમાણે તમારા પ્રવાસનો એક અથવા વધારે ભાગ પૂરો ન કરી શકાય તો સમયપત્રક બનાવનાર તમને વૈકલ્પિક સમય આપશે.

- જો બૂકિંગ લાઇન કોઇ વાપરતું હોય અને તમને જવાબ ન મળે, તો ફોન નીચે મૂકી દો અને તરત પાછો નંબર લગાડો (રી-ડાયલ કરો). મોટા ભાગનાં ટેલિફોન પર રી-ડાયલ બટન લગાવેલા હોય છે જેથી ફરી ફોન કરવો તમને સરળ પડશે. પ્રથમવાર તમે ફોન પર જવાબ ન મેળવી શકો તો પણ અમુકવાર પ્રયત્નો કરવા પછી જરૂર જવાબ મળશે.

***કૃપા કરી નોંધ કરો:***

*બીટી દ્વારા આપવામાં આવતી 'રીકૉલ' (જ્યાં નંબર બીઝી હોય ત્યારે તમે 'પ' દબાવો) ની સુવિધા અમારી બૂકિંગ લાઇન પર ઉપલબ્ધ નથી.*

**હું ક્યારે પ્રવાસ કરી શકું?**

*સમગ્ર વેસ્ટ મિડલેન્ડ્સનાં સર્વ શહેરી વિભાગોમાં રિંગ એન્ડ રાઇડની સેવા દરરોજ સવારનાં ૮.૦૦ વાગ્યાથી સાંજનાં ૧૧.૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ છે (નાતાલનાં દિવસે ફક્ત વ્હીલચેર પર આધાર રાખતા ઉપયોગ કરનારાઓ માટે ઉપલબ્ધ હોય છે).*

*કૃપા કરી નોંધ કરો કે પ્રથમ અને છેવટની મુસાફરીઓ કરવાનાં સમયમાં વાહનો માટે ડીપોમાંથી આવવા અને ત્યાં પાછા જવાનાં સમયની પણ ગણતરી કરવામાં આવે છે.*

# પ્રવાસ માટે બૂકિંગ કરવું

- તમે જે વિસ્તાર માટે રેજિસ્ટર થયા હોવ તેમાં, તેમજ બાજુનાં રિંગ એન્ડ રાઇડ એરિયામાં અર્ધા માઇલ સુધી જવા માટે તમે મુસાફરીઓ બૂક કરી શકો છો.

  ઘણાં ઉપયોગ કરનારાઓને પાછા વળવા માટે બૂકિંગ નથી કરવી પડતી કારણ કે તેઓ કોઇ મિત્ર અથવા સગાસંબંધીની સાથે એક દિશામાં પ્રવાસ કરી શકે છે. તેથી જો આવવા અને જવાની મુસાફરી પૂરી નહિ પાડી શકાય તો પ્રવાસનો સમયપત્રક બનાવનાર (શેડ્યુલર)તમારે માટે ક્યાં તો જવાના અથવા પાછા વળવાના પ્રવાસ ફાળવી આપશે.
- જો તમારી વિનંતી પૂરી ન કરી શકાય, અને અન્ય સંતોષકારક વૈકલ્પિક સમય ઉપલબ્ધ ન હોય, તો શેડ્યુલર તમારું નામ સ્ટેન્ડ-બાઇ (વાટ જોનારા)ની યાદીમાં મૂકશે. પછી, જો કોઇ અન્ય ઉપયોગ કરનારા તેમનો પ્રવાસ રદ કરે અને તમારી વિનંતી પૂરી પાડી શકાય, તો તેઓ તમારો સંપર્ક કરી તમને જાણ કરશે કે તમારો પ્રવાસ ઉપલબ્ધ છે.
- તમે મુસાફરી કરવાનાં હોવ તેનાં આગળનાં દિવસે અથવા તેજ દિવસે જો તમે પ્રવાસનું બૂકિંગ કરવાનું ઇચ્છો, તો તમારે કદાચ એક જુદા નંબર પર, જુદા સમય પર ટેલિફોન કરવો પડશે. વિગતો માટે કૃપા કરી પૃષ્ઠ નંબર 5 પર જુઓ. સમયપત્રકોની તપાસ કરવામાં આવશે અને જે પ્રવાસો માટે બૂકિંગ કરવામાં આવી ગયું હોય તેની સાથે તમારી વિનંતી બંધબેસતી કરી શકાશે કે નહિ તે વિષે તમને જણાવવામાં આવશે.

## તમારી પાસે ટેલિફોન ન હોય તો કેવી રીતે બૂકિંગ કરવું?

- જો તમારી પાસે ટેલિફોન ન હોય તો ટપાલ દ્વારા બૂકિંગ કરવા માટે વિશિષ્ટ વ્યવસ્થાઓ ચલાવવામાં આવે છે - તમારી સ્થાનિક ઑફિસનો સંપર્ક સાધવાથી જરૂરી ફૉર્મ મેળવી શકાય છે.

  જો તમને સાંભળવાની મુશ્કેલીઓ હોય અને બૂકિંગ લાઇનનો ઉપયોગ ન કરી શકો તો અમારો મિનિકૉમ ટેલિફોન નંબર (0121 359 0593)નો ઉપયોગ કરીને અમારો સંપર્ક સાધો અને બૂકિંગ કેવી રીતે કરવું તે વિષે અમે સલાહ આપશું.

**લવચીક હોવું**

*મુસાફરીઓ માટે વધારે માગણી હોવાથી, જો તમે તમારા પ્રવાસનાં સમય પ્રત્યે વધારે લવચીક હોવ, તો મુસાફરીઓ મેળવી શકવામાં વધારે સફળતા પ્રાપ્ત થશે.*

*જો તમારે ચોક્કસ સમય મેળવવાની જરૂર ન હોય તો અમારા શેડ્યુલર ને તમારા પ્રવાસોની વિગતો આપો અને પૂછો કે તેઓ કેવી શ્રેષ્ઠ રીતે તમારે માટે વ્યવસ્થા કરી શકે - આવી રીતે અમે વધારે લોકોને માટે ફાળવણી કરી શકશું.*

# પ્રવાસ માટે બૂકિંગ કરવું

## એડવાન્સ બૂકિંગ ફોર્મ (A.B.F.)નો ઉપયોગ કરવો

- જો પ્રવાસ કરવાનાં દિવસ અગાઉ તમારે વ્યવસ્થા કરવી હોય (કારણ કે કદાચ તમારે કોઇ પ્રસંગમાં જવા માટે ટિકિટ બૂક કરવી હોય અને એ જાણવાની જરૂર હોય કે પ્રવાસ માટે વ્યવસ્થા કરવામાં આવી છે) તો તમે એડવાન્સ બૂકિંગ ફોર્મનો ઉપયોગ કરી શકો છો.

- રેજિસ્ટર થવા પછી જો તમને આ પુસ્તિકા મળી હોય, તો તેની સાથે થોડા ફોર્મ સમાવિત કરેલા હશે.

- આ પુસ્તિકા દરેક ઉપયોગ કરનારાને આપવામાં આવે છે, તેમજ વર્ષમાં બે વાર રિંગ એન્ડ રાઇડ ન્યુઝલેટર પણ તમારા પર મોકલવામાં આવશે તેની સાથે સામાન્ય રીતે વધારે ફોર્મ સમાવેશ કરવામાં આવશે.

- A.B.F. ફોર્મ નો ઉપયોગ કરીને એકજ દિશામાં જવાની અથવા પાછા વળવાની મુસાફરીઓ માટે માગણી કરી શકાય છે, અને તે ફોર્મ પોસ્ટ દ્વારા બૂકિંગ ઑફિસમાં મોકલી આપવા જોઇએ જ્યાં તેમનો ઉપયોગ અધિક આદારત્મક (પ્રીફરેન્શ્યલ) બૂકિંગ કરવા માટે કરવામાં આવશે. છતાં, કૃપા કરી નોંધ કરો કે તમે એડવાન્સ બૂકિંગ ફોર્મનો કોઇ પણ છ મહિનાનાં સમયગાળામાં લગભગ છ મહિનાનાં સમય દરમ્યાન કરવામાં આવનાર મુસાફરી કરવા માટે ફક્ત ચાર વાર ઉપયોગ કરી શકશો. સામાન્ય રીતે, એકવાર ફોર્મ મોકલવામાં આવે, પછી બૂકિંગ કરવામાં આવશે અને તમને તેની જાણ પોસ્ટ દ્વારા કરવામાં આવશે. છતાં, જો અન્ય ઉપયોગ કરનારાઓએ તેમનાં એડવાન્સ બૂકિંગ ફોર્મસનો ઉપયોગ કરી નાખ્યો હોય અને તમારી માગણી પૂરી ન કરી શકાય, તો શેડ્યુલર તમારો સંપર્ક સાધશે અને વૈકલ્પિક વ્યવસ્થા કરશે.

- અમારી વેબસાઇટ *www.ringandride.org* પર પણ તમે A.B.F. નો ફોર્મ ભરી શકો છો.

**પ્રવાસ રદ કરવો**

*જો તમારે પ્રવાસ રદ કરવાની જરૂર પડે - તો એ બાબત ધ્યાનમાં રાખો કે તમે પ્રવાસ રદ કરવા માટે જેમ વધારે નોટિસ આપશો તેમ અન્ય કોઇ વ્યક્તિને તે પ્રવાસ ફાળવી આપવાની શક્યતા વધારે હશે.*

**કૃપા કરી નોંધ કરો :**

*અગાઉથી રસ્તાઓની પરિસ્થિતિ વિષે જાણ ન હોવાને કારણે, શેડ્યુલર દ્વારા આપવામાં આવેલ તમને ઉપાડવાનો સમય કદાચ ક્યાં તો ૧૦ મિનિટ આગળ અથવા પાછળ હોય શકે, જેથી તમારે બસ માટે તે સમય દરમ્યાન તૈયાર રહેવું પડશે.*

# પ્રવાસ માટે બૂકિંગ કરવું

### લોકપ્રિય સ્થળોની મુલાકાત કરવા પ્રવાસ બૂક કરવો

- અમારા દરેક વિસ્તારમાં અમે પ્રી-શેડ્યુલ્ડ (અગાઉથી નક્કી કરેલા) પ્રવાસો ચલાવીએ છીએ જેને માટે અલગ બૂકિંગ કરવાની વ્યવસ્થાઓ હોય છે. તમે રેજિસ્ટર થાઓ ત્યારે તમારા પર મોકલવામાં આવતા પૅકમાં આ વિષે માહિતી આપવામાં આવી હશે. લોકપ્રિય સ્થળો (શોપિંગ સેન્ટરો, કલબો, વગેરે) પર નિયમિત મુસાફરીઓ હોય છે જેને માટે નક્કી કરેલા સમય પર ખાસ ક્ષેત્રોમાંથી પ્રવાસીઓને લઈ જવામાં આવે છે. વધારે માહિતી મેળવવા તમારા પૂછપરછ કરવાના ટેલિફોન પર સંપર્ક કરો.

**નાતાલ (ક્રિસમસ) અથવા બૅન્ક-હૉલિડેનાં દિવસે પ્રવાસ બૂક કરવો**

*રિંગ એન્ડ રાઈડની બસ ક્રસમસ ડેનાં સમાવેશ સાથે વર્ષનાં દરેક દિવસે ચલાવવામાં આવે છે જ્યારે ધંધાર્થી બસ અને ટ્રેનની પેઢીઓ એવું નથી કરતી.*

*તે છતાં, ક્રિસમસ ડેની સેવા (જે અમારા કર્મચારીઓમાંથી ઐચ્છિક લોકો ચલાવે છે) તે ફક્ત વ્હીલચેર પર આધારિત ઉપયોગ કરનારાઓ માટે મર્યાદિત છે.*

*મોટા ભાગની બૅન્ક હૉલિડેની રજાઓ દરમ્યાન સામાન્ય બૂકિંગ કરવાની વ્યવસ્થા લાગુ પડે છે, પણ ક્રિસમસ અને નવા વર્ષનાં સમયગાળા દરમ્યાન, વિશિષ્ટ વ્યવસ્થાઓ કરવામાં આવે છે, અને તે વિષે શું થઈ રહ્યું છે અને તમારે ક્યારે પ્રવાસ માટે બૂકિંગ કરવું જોઈએ તેની નોટિસો વાહનો પર અગાઉથી લગાવવામાં આવે છે.*

# તમારા પ્રવાસ માટે નાંણા ચૂકવવા

**ભાડૂં ચૂકવવું**

- ભાડાનો પૂરો અથવા અમુક ભાગ ચૂકવવા માટે અમે કન્સેશનરી પાસીસ (છૂટછાટ આપતા પાસ), સેન્ટ્રો કાર્ડ અને બસમાસ્ટર કાર્ડ સ્વીકારીએ છીએ (સોમવારથી શુક્રવાર સવારનાં ૯.૩૦ વાગ્યા અગાઉનાં પ્રવાસો માટે પણ)

- ભાડાનો પૂરો અથવા અમુક ભાગ ચૂકવવા માટે બ્લાઇન્ડ અને ડિસેબલ્ડ (અંધ અને અશક્ત)નાં પાસ પણ અમે સ્વીકારીએ છીએ જેનો આધાર ઉપયોગ કરનારાનાં પાસનાં પ્રકાર પર હશે. જો કોઇ પણ પ્રકારનો પાસ ન હોય, તો રોકડું ભાડું ભરવું પડશે જે સ્થાનિક બસનાં ભાડા સમાન હશે, અને તે માઇલનાં અંતરનાં દરે ગણવામાં આવે છે. સામાન્ય રીતે જે બાળકો પાસે બસપાસ ન હોય તેઓને અર્ધું ભાડૂં ભરવું પડશે.

- પાસ ધરાવતા લોકોને સામાન્ય રીતે તેમની પ્રથમ મુસાફરી કરે ત્યારે પાસ બતાવવાની જરૂર પડશે, અને તેમની વિગતો કમ્પ્યુટર પર તેમની અંગત ફાઇલમાં રાખવામાં આવે છે. તે પછી સામાન્ય રીતે તમને પાસ ફરી બતાવવાની વિનંતી નહિ કરવામાં આવે. (જો લાગુ પડે તો) કમ્પયુટર પરથી અમને પાસની મુદત પૂરી થઇ જવાની તારીખ મળી જશે.

  તમારી વિગતો આધુનિક બનાવવા તમારે નવો પાસ બતાવવો પડશે. જો તમે પાસ ફરી નવો ન બનાવડાવો તો તમારે ભાડું ભરવું પડશે.

# પ્રવાસ વિષે સલાહ

- **કોઇ વ્યકિતની સાથે પ્રવાસ કરવો**

  મુસાફરી કરો ત્યારે, ઉપયોગ કરનારાઓ તેમની સાથે સાથીને લઇ આવી શકે છે જો તેમને માટે પણ અગાઉથી બૂકિંગ કરવામાં આવ્યું હોય.

  ક્યાં તો આ સાથી ભાડું ભરશે, અથવા તેમની પાસે પાસ હોય તો ભાડાનો એક ભાગ અથવા સંપૂર્ણ ભાડા તરીકે તે સ્વીકારવામાં આવશે. ઉપયોગ કરનારાઓ તેમના પર આધાર રાખતા બાળકોને પણ સાથે લઇ આવી શકે છે જો તેમને માટે અગાઉથી બૂકિંગ કરવામાં આવ્યું હોય - સામાન્ય રીતે જો તેમની પાસે પાસ ન હોય તો અર્ધું ભાડું ભરવું પડશે.

- **હોસ્પિટલમાં જવા માટે મુસાફરી**

  હોસ્પિટલની એપોઇન્ટમેન્ટ માટે જવા સિવાયની કોઇ પણ મુસાફરી માટે બૂકિંગ કરી શકાય છે. હોસ્પિટલમાં જવા માટે તમારા દાકતર અથવા હોસ્પિટલનો સંપર્ક સાધવો જોઇએ અને પેશન્ટ ટ્રાન્સપોર્ટ સર્વિસ (PTS)નો ઉપયોગ કરવા માગણી કરવી જોઇએ, જેઓ આ પ્રકારની મુસાફરીઓ માટે પ્રબંધ કરે છે.

  છતાં, કોઇ મિત્ર અથવા સગાસંબંધીની હોસ્પિટલમાં ખબર કાઢવાનાં પ્રવાસ માટે તમે રિંગ એન્ડ રાઇડનો ઉપયોગ કરી શકો છો.

- **ડે સેન્ટરો**

  અમારી સાધનસંપત્તિ મર્યાદિત છે તેથી કૃપા કરી સોશ્યલ સર્વિસીસ ડિપાર્ટમેન્ટ, વગેરેમાં તપાસ કરો, જો તમે ડે સેન્ટરમાં જવા પ્રવાસ કરવાના હોવ, કારણ કે તેઓ કદાચ તેમની પોતાની પરિવહનની સેવા ચલાવતા હોય.

- **''ટેક્સીબસ''**

  મેરિડન ગેપ નાં વિસ્તારમાં ચલાવવામાં આવતી ટેક્સીબસની સેવા માટે 0121 783 6869 પર ફોન કરવાથી બૂકિંગ કરી શકાય છે.

# પ્રવાસ વિષે સલાહ

- **તમારી જરૂરિયાતો પૂરી પાડવા માટે બનાવવામાં આવેલા વાહનો**

  આ સખાવતી સંસ્થા ઇરાદાપૂર્વક-બાંધેલા વાહનો ચલાવે છે. સર્વ વાહનો વ્હીલચેરનો ઉપયોગ કરનારાઓ અને જે લોકો પગથિયા ન ચડી શકે તેમને માટે લિફ્ટ અને ઢેકા સાથે સાધનસંપન્ન છે. વાહનોમાં દરેક સીટ પર ખોળા અને ખભા પર પહેરવાનાં સીટ-બેલ્ટ, પગથિયા નીચા કરવાની સુવિધા, વ્હીલચેરો અને તેમનો ઉપયોગ કરનારાઓને સુરક્ષિત રાખવાની પદ્ધતિ તેમજ લપસી ન જવાય તેવું ભોંયતળિયું, વધારે હાથ-કઠેરાઓ વગેરે પણ હોય છે.

- ઉપયોગ કરનારાઓની સંભાળ રાખવી

  અમારા સર્વ વાહન હાંકનારાઓ અને વળાવિયાઓને અમારા પોતાના હેતુપૂર્વક બાંધેલા ટ્રેઇનિંગ આપવાનાં સ્થળમાં વ્યાપક અને નિયમિત તાલીમ આપવામાં આવે છે, તેમનાં વિશિષ્ટ ગણવેશમાં અને તેમનાં ફોટોવાળા ઓળખાણ આપતા (આઈડેન્ટિટી) કાર્ડ સાથે તેમની સરળતાથી ઓળખાણ કરી શકાય છે.




આઈડેન્ટિફિકેશન કાર્ડનો નમૂનો

- સરનામુ બદલવું

  જો તમે તમારું સરનામુ બદલાવો અથવા વિસ્તારમાંથી મકાન બદલી કરી નાખો, તો કૃપા કરી અમને જણાવો કારણ કે તમારે માટે પ્રવાસ બૂકિંગ કરવા માટે ની સગવડમાં ફેરફારો કરવાની જરૂર પડશે અને કમ્પ્યુટર પર તમારી નોંધમાં અમે સુધારા કરી શકીએ જેથી તમે સમાચારપત્રો અને એડવાન્સ બૂઈંગ ફોર્મ મેળવવાનું ચાલુ રાખો. ફક્ત પૂછપરછ કરવાનાં નંબર પર ફોન કરો.

# સમગ્ર પ્રાંતમાં મુસાફરી કરવી – સીમા પાર કરવી (ક્રોસ બાઉન્ડરી)

- **તમારા સ્થાનિક વિસ્તારથી દૂર સુધી મુસાફરી કરવી**

  ઉપયોગ કરનારાઓને તેમનાં પડોશમાં સ્થાનિક મુકામે જવા માટે શક્તિમાન કરવા પર રિંગ એન્ડ રાઇડ ધ્યાન કેન્દ્રિત કરે છે, તેમજ પડોશનાં વિસ્તારમાં અર્ધો માઇલ સુધી, પણ એ બાબત પારખવામાં આવે છે કે સામાન્ય રીતે તેમની સ્થાનિક સેવા ચલાવવામાં આવે તેનાથી દૂર સુધી લોકોને જવાની ઇચ્છા હોય છે અને જરૂર પણ પડે છે.

- **તમે ક્યાં મુસાફરી કરી શકો**

  આના જવાબમાં, તાજેતરમાં ઉપલબ્ધ અર્ધા માઇલની મર્યાદાથી દૂર સુધી ઉપયોગ કરનારાઓને પ્રવાસ કરવા શક્તિમાન કરવા એક મર્યાદિત ''ક્રોસ-બાઉન્ડરી'' સર્વિસ ચલાવવામાં આવે છે જે તેમનાં પોતાનાં વિસ્તારની પડોશનાં વિસ્તારોમાં કોઇ પણ સ્થળે જાય છે.

  દાખલા તરીકે, જો તમે વૉલસોલમાં નિવાસ કરતા હોવ, તો ક્રોસ-બાઉન્ડરી સર્વિસ તમને વુલ્વરહેમ્પટન, સેન્ડવેલ અને નોર્થ બર્મિંગહામનાં વિસ્તારોમાં પ્રવાસ કરવા માટે શક્તિમાન કરશે.

- તે કરતા પણ વધારે દૂર સુધી પ્રવાસ કરી શકવા માટે રિંગ એન્ડ રાઇડ અન્ય પરિવહનની સેવાઓ સાથે પણ જોડાણ કરશે, જેમાં સ્થાનિક ટ્રેનની સેવાઓ, મેટ્રો પર અને અન્ય રિંગ એન્ડ રાઇડની સેવા ચલાવતા વિસ્તારમાંથી ક્રોસ-બાઉન્ડરી બસનો સમાવેશ થાય છે. આમ કરવાથી સમગ્ર વેસ્ટ મિડલેન્ડ્સમાં બારણા સુધી મુસાફરી સમાપ્ત કરી શકાશે.

- **મુસાફરી માટે બૂકિંગ કરવું**

  આ સેવાનો ઉપયોગ કરવા માટે એક અલગ બૂકિંગ કરવાની પદ્ધતિ વાપરવામાં આવે છે, જેમાં નીચે પ્રમાણેનો સમાવેશ થાય છે:

➢ *ત્રણ દિવસ અગાઉથી બૂકિંગ કરવું (સામાન્ય બે દિવસ અગાઉ કરવાને બદલે)*

➢ *એક અલગ બૂકિંગ સમય અને બૂકિંગ કરવા માટે અલગ ટેલિફોન નંબર*

➢ *આ હાથપોથીની અંદર પાના નંબર ૫ પર તમને બૂકિંગ કરવાનો સમય અને ટેલિફોન નંબર મળશે. વધારામાં, વેસ્ટ મિડલેન્ડ્સ માં ચલાવવામાં આવતી સ્થાનિક રેલગાડીઓની જાળ વિષે પણ તેમાં માહિતી હશે.*

# સમગ્ર પ્રાંતમાં મુસાફરી કરવી – સીમા પાર કરવી (ક્રોસ બાઉન્ડરી)

- **ક્રોસ બાઉન્ડરી માટે એડવાન્સડ બૂકિંગ ફોર્મ** (A.B.F.)

  એક છ મહિનાનાં સમય ગાળા દરમ્યાન, A.B.F. નો ઉપયોગ કરીને, ત્રણ દિવસની નોટિસ આપવાનાં સમયગાળામાં તમે ચાર ક્રોસ બાઉન્ડરીનાં પ્રવાસો અગાઉથી બૂક કરી શકો છો.

  સ્થાનિક રિંગ એન્ડ રાઇડનાં પ્રવાસો માટે તમે જે હયાત A.B.F. નો ઉપયોગ કરી શકો છો તેમાં આ ઉમેરો કરે છે.

  (કૃપા કરી, વધારે માહિતી મેળવવા અગાઉ આપેલા ''એડવાન્સ્ડ બૂકિંગ ફોર્મ'' વિષે સમજુતી આપતો વિભાગ માટે પૃષ્ઠ 13 જુઓ).

  જ્યાં શક્ય હોય, તમારી પ્રવાસ કરવાની વિનંતીને તરતજ બહાલી આપવામાં આવશે. જ્યારે એવું કરવું શક્ય નહિ હોય, તો તમારી મુસાફરી સમાપ્ત કરાશે કે નહિ તેનું સમર્થન કરવા તમારો સંપર્ક કરવામાં આવશે (સામાન્ય રીતે બીજે દિવસે).

- **તમે કેટલા નાંણા ચૂકવશો**

  જો તમારી પાસે સેન્ટ્રોનો છૂટછાટ આપતો (કન્સેશનરી) પાસ હોય જેમાં સિનિયર સિટિઝન અથવા બ્લાઇન્ડ/ડિસેબલ્ડ બસ પાસનો સમાવેશ થાય છે, તો તે તમને વેસ્ટ મિડલેન્ડ્સમાં કોઇ પણ સ્થળે મફત અથવા અર્ધું ભાડું ચૂકવીને પ્રવાસ કરવા શક્તિમાન કરશે. અથવા તો, મુસાફરીની લંબાઇનાં દરે અને દરેક અલગ પ્રવાસ પ્રત્યે ભાડું લાદવામાં આવશે.

# ગ્રાહકોની સંભાળ –રિંગ એન્ડ રાઈડ સર્વિસની બસમાં સલામત રીતે પ્રવાસ કરવો

- **વ્હીલચેરમાં સલામતી**

કમનસીબે ધોરણસરની વ્હીલચેર જેવી કોઇ વસ્તુ નથી અને તે કારણે અમારે વિવિધ પ્રકારની પદ્ધતિઓનો ઉપયોગ કરવો પડે છે જેથી ખાતરી કરી શકાય કે જ્યારે વ્હીલચેરનો ઉપયોગ કરનારા અમારા વાહનોમાં મુસાફરી કરે ત્યારે તેઓ સજ્જડ રીતે સુરક્ષિત છે.

તેથી, જો તમે તમારી વ્હીલચેર બદલાવો, તો કૃપા કરી અમને જણાવો જેથી અમે 'જોખમની આકારણી' કરી શકીએ - તમે જ્યારે પ્રવાસ કરો ત્યારે વાહન સાથે કેવા પ્રકારનાં સાધનો અમારે મોકલવા જોઇએ તે વિષે અગાઉથી ખાતરી કરવાની આ એક પ્રક્રિયા છે.

આવશ્યક વ્યવસ્થા કરવા માટે તમારા પૂછપરછ કરવાનાં ટેલિફોન પર ફોન કરો.

તમે પ્રથમ વાર રેજિસ્ટર થાઓ ત્યારે નવા વ્હીલચેરનો ઉપયોગ કરનારાઓની પણ આકારણી કરવામાં આવે છે.

પ્રવાસ કરવા દરમ્યાન વ્હીલચેરનો ઉપયોગ કરવા માટે જો તમે વ્હીલચેર મેળવવાનો વિચાર કરતા હોવ, તો યોગ્ય પ્રકારની વ્હીલચેરો વિષે અમે ખુશીથી સલાહ આપશું.

# ગ્રાહકોની સંભાળ –રિંગ એન્ડ રાઇડ સર્વિસની બસમાં સલામત રીતે પ્રવાસ કરવો

- **સીટ બેલ્ટ અને વ્હીલચેરને સલામત કરવી**

  પ્રવાસીઓની  સલામતી અને આરામ અને વીમાની શરતોને અમલમાં મૂકવા માટે સર્વ વાહનોમાં સીટ બેલ્ટો ફિટ કરેલા હોય છે.

  ટુંકામાં ટુંકી મુસાફરીઓ માટે પણ તેનો ઉપયોગ કરવો જોઇએ. વ્હીલચેરનાં ઉપયોગ કરનારાઓએ નોંધ કરવી જોઇએ કે વિવિધ પ્રકારની વ્હીલચેરોને સુરક્ષતિ બનાવવાની જુદી જુદી પદ્ધતિઓ વિષે વાહન હાંકનારા કર્મચારીઓને તાલીમ મળેલી હોય છે. તેમણે ખાતરી કરવી જોઇએ કે તેમની ખુરસીઓને સહીસલામત કરવામાં આવી છે અને વ્હીલચેરનો ઉપયોગ કરનારાઓ માટે પૂરા પાડવામાં આવેલ વિશિષ્ટ સીટબેલ્ટ વાપરવામાં આવે છે.

  જો કોઇ બાળક મુસાફરી કરવાનું હોય, તો કૃપા કરી અમને જણાવો (સ્થાનિક પૂછપરછ કરવાનાં ફોન પર) - અમે બાળકને સીટમાં બંધન કરવાની વ્યવસ્થા કરીશું પણ તેની સલામતીની બાંયધરી નહિ આપી શકીએ.

  જો તમને કોઇ વૈદકીય કારણે સીટબેલ્ટ ન પહેરવાની છૂટછાટ આપવામાં આવી હોય, તો કૃપા કરી અમને જણાવો.

- પ્રવાસ માટે લઇ જવાના અને મૂકામે ઉતારવાનાં મુદ્દાઓ

  ઉપયોગ કરનારાઓને તેમનાં ચોક્કસ મુકામનાં સ્થળે લઇ જવાનો અમે પ્રયત્ન કરશું, જો કે અમુક પરિસ્થિતિમાં સલામતીનાં કારણે, પ્રવેશ કરવાની વ્યવસ્થાની મુશ્કેલીઓ અથવા પાર્ક કરેલી ગાડીઓ અથવા સ્થાનિક પરિવહન સંબંધિત પ્રતિબંધોને કારણે વાહનો ખાસ સરનામાની નજીક નહિ જઇ શકે. આવું વિશિષ્ટ ભીડવાળા નગરો અને શહેરોનાં સેન્ટરોમાં થાય છે તેથી મુખ્ય સ્થળોમાં, રિંગ એન્ડ રાઇડનાં ઉપયોગ કરનારાઓ માટે આશ્રય આપતી સગવડ હોય તેવા ઇરાદાપૂર્વક બાંધેલા બસ સ્ટોપ મેળવવા માટે આ સખાવતી સંસ્થા લૉબી કરી રહી છે.

  જ્યાં આવા બસ સ્ટોપ હયાત હોય ત્યાં ઉપયોગ કરનારાને બૂકિંગ કરવાનાં સમય પર સલાહ આપવામાં આવશે અને નવી સુવિધાઓ ઉપલબ્ધ થાય તો તેનું વર્ણન સમાચારપત્રમાં આપવામાં આવશે.  સામાન્ય રીતે, તેમનાં ઘરનાં બારણા પરથી વાહનમાં બેસવા સુધી  ઉપયોગ કરનારને ડ્રાઇવર મદદ કરશે.

# ગ્રાહકોની સંભાળ –રિંગ એન્ડ રાઈડ સર્વિસની બસમાં સલામત રીતે પ્રવાસ કરવો

- **ઊભા રહેવું અને ધૂમ્રપાન કરવું**

  રિંગ એન્ડ રાઇડનાં વાહનોમાં કોઇ પણ પ્રવાસીને ઊભા રહેવાની મનાઇ કરવામાં આવે છે અને સર્વ ઉપયોગ કરનારાઓના આરામ માટે અમારી બસ પર એક ધૂમ્રપાન (સીગરેટનું સેવન) ન કરવાની નીતીનો ઉપયોગ કરવામાં આવે છે.

- **પ્રવાસ કરવા દરમ્યાન અકસ્માત અથવા માંદગીની ઘટના બને તો શું કરવું?**

  જો રિંગ એન્ડ રાઇડની બસમાં પ્રવાસ કરવાનાં સમય પર તમે ઇજા પામો અથવા તમે માંદા થઇ જાઓ તો કૃપા કરી ખાતરી કરો કે ડ્રાઇવરને જાણ કરવામાં આવે જેથી તે પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઇડ) તમને આપી શકે અથવા સૂચનો મેળવવા ડીપોનો સંપર્ક સાધી શકે. તમારી સલામતી માટે સર્વ રિંગ એન્ડ રાઇડની બસમાં ટુ-વે રેડિઓ લગાવેલા હોય છે.

- **કૂતરાઓ અને પાળેલા પ્રાણીઓ**

  દૃષ્ટિની નિર્બળતા અથવા સાંભળવાની નિર્બળતા ધરાવતા ઉપયોગ કરનારાઓનાં ગાઇડ ડૉગ (દરોવણી આપતા કૂતરા)ને બસમાં લઇ જવા અમે ખુશ છીએ. તે છતાં, અન્ય પ્રવાસીઓનાં અરોગ્ય, સલામતી અને આરામને કારણે, અન્ય કૂતરાઓ અને પાળેલા પ્રાણીઓને લઇ જવાની મનાઇ કરવામાં આવશે.

- **માલસામાન**

  જે પ્રમાણનાં જથ્થામાં માલસામાન અથવા ખરીદીની થેલીઓ બસમાં લઇ જવાય તેનો આધાર બસનાં ડ્રાઇવરની મુનસફી પર હશે. કૃપા કરી એ બાબત ધ્યાનમાં રાખો કે, કોઇ અકસ્માતની ઘટના બને તો, છૂટક થેલીઓ અને તેમાં સમાવિત વસ્તુઓ પ્રવાસીઓને માટે જોખમકારક નીવડી શકે અને તેથી વાહન પર લઇ જાઓ તે  સામાન એક વ્યક્તિ ઊંચકી શકે તેટલોજ રાખવો જોઇએ.

- **બસમાં હોવ ત્યારે વર્તન**

  દરેક સમય પર રિંગ એન્ડ રાઇડનાં કર્મચારીઓ મદદગાર અને વિવેકશીલ હોય એવી અપેક્ષા રાખવામાં આવે છે. ઉપયોગ કરનારાઓની પણ યોગ્ય રીતે વર્તન કરવાની જવાબદારી હોય છે જેથી ખાતરી કરી શકાય કે દરેક વ્યક્તિ સલામત અને સુરક્ષિત રહીને પ્રવાસ કરી શકે.

# વધારે માહિતી મેળવવી અને સેવા વિષે ટીકાટિપ્પણ કરવી

**રિંગ એન્ડ રાઈડ વિષે વધારે માહિતી મેળવવા અને ટીકાટિપ્પણ, ફરિયાદો તેમજ પ્રસંશા કરવાની ઉપયોગ કરનારાઓ માટે વિવધ પ્રકારની રીતો છે.**

- **સર્વસામાન્ય રિંગ એન્ડ રાઈડ વિષે માહિતી આપતી પત્રિકાઓ**

  સેવાની પૂર્વભૂમિ, તે કેવી રીતે કાર્ય કરે છે અને જુદી જુદી એરિયા ઑફિસો અને હેડ ઑફિસનો કેવી રીતે સંપર્ક સાધવો તે આ પત્રિકાઓમાં લખેલું છે. દરેક વિસ્તારની સેવા બતાવતા નકશાઓનો તેમાં સમાવેશ કરેલો છે.

- **રિંગ એન્ડ રાઈડ ન્યુઝલેટર**

  વર્ષમાં બે વાર પ્રકાશિત કરવામાં આવે છે અને પોસ્ટ દ્વારા પ્રવૃત્ત ઉપયોગ કરનારાઓ પર મોકલવામાં આવે છે. તેમાં સેવા વિષે સમાચાર અને માહિતી હોય છે અને ઉપયોગ કરનારાઓ તેમનાં વિચારો મોકલી શકે છે.

  ટૉકિંગ ન્યુઝપેપર નેટવર્ક દ્વારા પણ તે મેળવી શકાય છે.

**અન્ય આકારો**

*મોટા ભાગનાં પ્રકાશનો જુદી જુદી સામાજિક ભાષાઓમાં (જેમાં ચાઈનીઝ, બંગાળી, ઉર્દૂ, હિન્દી, ગુજરાતી, પંજાબી અને વિએટનામીઝનો સમાવેશ છે), મોટી છાપમાં, ઑડિયો ટેપ પર, વગેરે ઉપલ્બધ છે. મેળવી શકાય કે નહિ તેની તપાસ કરવા 0121 333 3107 પર ફોન કરો.*

# વધારે માહિતી મેળવવી અને સેવા વિષે ટીકાટિપ્પણ કરવી

- **'' રિંગ એન્ડ રાઈડ ઇન ધી વેસ્ટ મિડલેન્ડ્સ''**

ઉપર જણાવેલ પ્રકાશનમાં વેસ્ટ મિડલેન્ડ્સ સ્પેશ્યલ નીડ્સ ટ્રાન્સપોર્ટ ચેરિટીનાં કાર્ય અને ૧૯૮૦માં રિંગ એન્ડ રાઇડની સેવાની રજૂઆત કરવા પછી તેનાં ઉગાવા વિષે વર્ણન કરવામાં આવેલું છે. યુ.કે.માં અન્ય મેટ્રોપોલિટન વિસ્તારોમાં પૂરી પાડવામાં આવતી સેવાઓ સાથે આ સેવાનું તે પ્રકાશન સરખામણી કરે છે, અને કર્મચારીઓ અને વાહનોની કેવી રીતે પસંદગી કરવામાં આવે છે અને સેવા આપવા જવા અગાઉ તેને કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેનું વર્ણન કરે છે, અને ઉપયોગ કરનારાઓની વિવિધ પ્રકારની જરૂરિયાતોને પૂરી પાડવા સખાવતી સંસ્થા કેવી રીતે તેનાં નાંણાનો ઉપયોગ કરે છે તેનું વર્ણન કરે છે.

- **ડિસટ્રિકટ એડવાઈસરી ગ્રૂપ્સ** (DAG's)

દરેક વિસ્તારમાં એડવાઇસરી ગ્રૂપ્સ (સલાહકારી સમૂહો) હોય છે જેઓની સાથે ઉપયોગ કરનારાઓ અને અન્ય રસ ધરાવતી સંસ્થાઓ ( દા.ત. એજ કન્સર્ન, ડિસેબિલિટી ગ્રૂપ્સ, સોશ્યલ સર્વિસનાં પ્રતિનિધિઓ, વગેરે) રિંગ એન્ડ રાઇડની સેવાનાં પ્રબંધ વિષે ચર્ચાવિચારણા કરી શકે છે.

દરેક વિસ્તારમાં DAG'sની સભાઓ વિષે માહિતી આપતા કાગળો બસમાં ચોંટાડવામાં આવે છે. અન્ય ઉપયોગ કરનારાઓનાં મંતવ્યો અને ચિંતાઓ વ્યક્ત કરવા માટે સેવાનાં ઉપયોગ કરનાર સભ્યો સભામાં હોય છે.

જો તમારે કોઇ બાબત વિષે વાતચિત કરવી હોય કે જે તમારા માનવા પ્રમાણે સૌને માટે લાભકારક હોય શકે, તો કૃપા કરી તમારા સ્થાનિક પ્રતિનિધિની ભાળ કરવા માટે તમારી સ્થાનિક ઑફિસનો સંપર્ક સાધો.

અથવા, તમારે કદાચ પોતે સમાવિત થવું હોય અને ગ્રૂપનાં સભ્ય બનવું હોય. તો ફરી તમારી સ્થાનિક ઑફિસનો વિગતો મેળવવા સંપર્ક સાધો.

# વધારે માહિતી મેળવવી અને સેવા વિષે ટીકાટિપ્પણ કરવી

- **સેન્ટ્રલ એડવાઈસરી ગ્રૂપ** (CAG)

  દરેક ડિસટ્રિક્ટ એડવાઈસરી ગ્રૂપનાં ઉપયોગ કરનારા પ્રતિનિધિઓ સેન્ટ્રલ એડવાઈસરી ગ્રૂપમાં હોય છે અને સર્વ ઉપયોગ કરનારાઓને અસર કરે તેવી બાબતો વિષે ચર્ચા કરવા તેઓ ચેરિટીનાં બોર્ડ ઑફ ટ્રસ્ટીનાં વાઈસ ચેરનાં અધ્યક્ષનાં હોદ્દા હેઠળ મળે છે.

  આ સમૂહનાં અમુક સભ્યો વેહિકલ ડીઝાઈન ગ્રૂપમાં ભાગ લે છે જે નવી બસ બનાવવાનો આદેશ આપવા અગાઉ બસની રૂપરેખા અને વિસ્તૃત વિવરણ પર વિચારણા કરે છે.

- **બૉર્ડ ઑફ ટ્રસ્ટીસ**

  ચેરિટીનાં બૉર્ડનાં સભ્યો સ્પેશ્યલ નીડ્સ ટ્રાન્સપોર્ટની સાથે સંબંધ ધરાવતા વિવિધ પૂર્વભૂમિનાં લોકોમાંથી હોય છે. અમુક સભ્યો પોતે રિંગ એન્ડ રાઈડની સેવાનો ઉપયોગ કરતા હોય છે.

- **સેવાનું નિરીક્ષણ કરવું**

  ચેરિટી દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની ગુણવત્તાનું નિરીક્ષણ કરવા માટે, તાજેતરનાં ઉપયોગ કરનારાઓની ટેલિફોન દ્વારા તપાસ કરવામાં આવે છે. આવી તારવણીઓમાં બૂકિંગ કરવાની પદ્ધતિ, વાહનમાં આરામ અને સાફસૂફી તેમજ સમયપાલન અને ચેરિટીનાં કર્મચારીઓનાં વિનય-વિવેકને આવરી લેવામાં આવે છે.

# વધારે માહિતી મેળવવી અને સેવા વિષે ટીકાટિપ્પણ કરવી

- **ઇન્ટરનેટ**

આ ચેરિટીની વેબસાઇટનું સરનામુ છે: *www.ringandride.org* અને તેમાં ઉપયોગી માહિતી, સંપર્ક કરવા માટે ઉપયોગી સરનામાઓ અને સૌથી વધારે આધુનિક સમાચારપત્રનાં પૃષ્ઠો સમાવિત કરેલા હોય છે. હેડ ઑફિસ પર ઇ – મેઇલ પણ મોકલી શકાય છે, તેનું સરનામુ છે: *enquiries@ringandride.org*

- **પૂછપરછ, ફરિયાદો અને પ્રસંશા**

જો એવું બને કે તમારે ફરિયાદ કરવી હોય, સારી સેવા વિષે અમારું ધ્યાન દોરવું હોય અથવા રિંગ એન્ડ રાઇડ કેવી રીતે ચલાવવામાં આવે છે તે વિષે સૂચનો કરવા હોય, તો સૌ પ્રથમ પૃષ્ઠ ૨૭ પર સૂચવેલા ટેલિફોન નંબરોની યાદીમાંથી કાર્યકર્તા ડીપોનાં મેનેજરનો સંપર્ક સાધવો જોઇએ.

જો તમારે કોઇ વિશિષ્ટ ઘટના વિષે ચિંતા વ્યક્ત કરવી હોય, તો કૃપા કરી તે ઘટના જ્યાં બની હોય તે સમય, તારીખ અને સ્થળની વિગતો આપો જેથી કોઇ પણ તપાસ કરવાનું કાર્ય ઝડપથી કરી શકાશે. સર્વ ફરિયાદોને ખાનગી રાખવામાં આવશે.

નીચે જણાવેલા કોઇ પણ હેડ ઑફિસ ડિપાર્ટમેન્ટોનો જો તમારે સંપર્ક કરવો હોય, તો ટેલિફોન નંબર છે 0121 333 3107.

પર્સનેલ ડિપાર્ટમેન્ટ (ટ્રેઇનિંગ ડિપાર્ટમેન્ટનાં સમાવેશ સાથે), ઇન્શ્યોરન્સ / એક્સિડન્ટસ્, ફ્લીટ મેનેજમેન્ટ, ડીવેલપમેન્ટ મેનેજર, ઑફિસ ઑફ ધી ઑપરેશન્સ મેનેજર, ઑફિસ ઑફ ધ ચીફ એક્સેક્યુટિવ.

# વધારે માહિતી મેળવવી અને સેવા વિષે ટીકાટિપ્પણ કરવી

**નોર્થ બર્મિંગહામ**
ટેલિફોનઃ 0121 333 3108

**ઈસ્ટ બર્મિંગહામ એન્ડ સોલિહલ** (ટેક્સીબસ સાથે)
ટેલિફોનઃ 0121 784 6644

**સાઉથ બર્મિંગહામ**
ટેલિફોનઃ0121 486 2663

**કોવેન્ટ્રી**
ટેલિફોનઃ 02476 602177

**ડડલી**
ટેલિફોનઃ 0121 567 3000

**સેન્ડવેલ**
ટેલિફોનઃ 0121 567 3000

**વુલ્વરહેમ્પટન**
ટેલિફોનઃ 01902 421515

**વોલસોલ**
ટેલિફોનઃ 01922 402232

**મિનિકોમ (સર્વ વિસ્તારો માટે)**
ટેલિફોનઃ 0121 359 0593

# કન્સેશનરી પાસ (છૂટછાટ) વિષે માહિતી

જો તમે વિચારો કે આખા વેસ્ટ મિડલેન્ડસમાં બસ, રેલવે અને મેટ્રો માં ઉપયોગમાં લેવાતા નિવૃત્ત વ્યક્તિનાં મફત પાસ, અથવા બ્લાઇન્ડ / ડિસેબલ્ડ પાસ મેળવવા માટે તમે લાયક છો, તો વધારે માહિતી મેળવવા સેન્ટ્રોને ટેલિફોન નંબર 0121 200 2787 પર ફોન કરો.

તાજેતરમાં નીચે પ્રમાણેનાં પાસ મેળવી શકાય છે:

- ૬૦ અને ૬૫ વર્ષની વચ્ચેની ઉંમરનાં પુરુષો અને સ્ત્રીઓ (માર્ચ ૧૯૪૩ પછી જન્મેલા): અર્ધું ભાડું ચૂકવીને પ્રવાસ કરવાનો પાસ (હાફ ફેર ટ્રાવેલ પાસ)
- ૬૦ અને ૬૫ વર્ષની વચ્ચેની ઉંમરનાં પુરુષો અને સ્ત્રીઓ (માર્ચ ૧૯૪૩ પછી જન્મેલા) અને ૬૫ વર્ષથી વધારે ઉંમરનાં સર્વ પુરુષો અને સ્ત્રીઓ : પ્રવાસ કરવાનો મફત પાસ (ફ્રી ફેર ટ્રાવેલપાસ)
- નિવૃત્ત થવા માટે ઓછી ઉંમરનાં પુરુષો અને સ્ત્રીઓ જે બ્લાઇન્ડ / ડિસેબલ્ડ પાસ મેળવી શકવાનાં ધોરણો પૂરા પાડે : ન્યુનતમ અર્ધું ભાડું ચૂકવીને પ્રવાસ કરવાનો પાસ (મિનિમમ હાફ ફેર પાસ)

(તેને વધારે ખર્ચ ચૂકવ્યા પછી અથવા સ્થાનિક સત્તાની મુનસફી પ્રમાણે ફ્રી પાસ બનાવી શકાય .)

# અન્ય માહિતી

‘‘ગેટિંગ અરાઉન્ડ ઇન ધ વેસ્ટ મિડલેન્ડ્સ’’ નામની એક પુસ્તિકા વેસ્ટ મિડલેન્ડસ પેસેન્જર ટ્રાન્સપોર્ટ એક્સેક્યુટિવ (સેન્ટ્રો) રજૂ કરે છે જે ચલાયમાન રહેવાની ક્ષમતા ધરાવતા લોકો માટે સલાહ અન્ય જાહેર પરિવહનની સેવાઓ વિષે માહિતી પૂરી પાડે છે.

તેમાં આખા પ્રદેશમાં પ્રણાલિકાગત બસ અને રેલવે કંપનીઓ અને તેઓ પૂરી પાડે તે સેવાઓ, મિડલેન્ડ મેટ્રો, કન્સેશનરી ફેર્સ, ટેક્સી અને પ્રાઇવેટ હાયરની લભ્યતા અને પ્રવેશ કરી શકાય તેવા સંડાસો વિષે માહિતી સમાવિત હોય છે. નીચે જણાવેલા ટેલિફોન પર ફોન કરવાથી તેની નકલો મેળવી શકાય છે : 0121200 2787 (મિનિકૉમ 0121 214 7777) અને સેન્ટ્રોની વેબસાઇટ www.centro.org.uk પર વધારે વિગતો બતાવેલી છે.

પ્રણાલિકાગત બસ, રેલવે અને સેવાઓ વિષે માહિતી મેળવવા, સેન્ટ્રો હૉટલાઇન પર, ક્રિસમસ ડે (નાતાલનો દિવસ) સિવાય, સવારનાં ૭.૦૦ થી સાંજનાં ૧૦.૩૦ વાગ્યા સુધીમાં 0121 200 2700 પર દરરોજ ફૉન કરો.

# ચેરિટી (સખાવતી સંસ્થા)નાં કાર્યને પ્રોત્સાહન આપવું

વેસ્ટ મિડલેન્ડ્સની રિંગ એન્ડ રાઇડ આખા યુ.કે. માં સૌથી મોટી કંપની છે, છતાં અમે જાણીએ છીએ કે સેવાની જરૂરિયાત ઘણી મોટી છે અને તે વધાતી જાય છે.

દર પખવાડિયા પ્રત્યે પ્રવૃત્તિશીલ ઉપયોગ કરનારને ફક્ત એકજ રીટર્ન ટ્રીપ પૂરી પાડી શકીએ તેટલીજ સાધનસંપત્તી અમારી પાસે છે - સખાવતી સંસ્થા તેમનાં ઉપયોગ કરનારાઓ માટે આ સ્તરની ચલાયમાન રહેવાની સેવા અયોગ્ય ગણે છે.

લોકોની ચલાયમાન રહેવાની જરૂરિયાત તેઓ સ્વીકારે અને સેવાને વિસ્તારવા માટે પુરતાં નાંણાની જોગવાઇ કરે - ખાસ કરીને જનતાની ઉંમર વધતી જાય છે, તે કારણે અમે સેન્ટ્રલ ગવર્નમેન્ટ અને વેસ્ટ મિડલેન્ડસ પેસેન્જર ટ્રાન્સપોર્ટ એક્સેક્યુટિવ (સેન્ટ્રો)ને લૉબી કરીએ છીએ.

જો તમે આ મંતવ્યને ટેકો આપતા હોવ, તો કૃપા કરી, ડિસ્ટ્રિક્ટ એડવાઇસરી ગૃપોમાં સમાવિત થઇને અથવા, સખાવતી સંસ્થાને અથવા સ્થાનિક કાઉન્સિલરો અને મેમ્બર ઑફ પાર્લામેન્ટ પર પત્ર લખીને તમારા મંતવ્યો જણાવો.

એ પણ ખાસ અગત્યનું છે કે અશક્તિઓ ધરાવતા લોકોની ચલાયમાન રહેવાની જરૂરિયાતો વિષે સ્થાનિક છાપાઓ અને ટીવીની કંપનીઓને સભાન કરવામાં આવે, તેથી જો તમને રિંગ એન્ડ રાઇડ તરફથી સારી સેવા મળે તો, કૃપા કરી તેમને જણાવો.

સંદેશાવ્યવહાર કરેવા માટે અમનારું સરનામુ છે: *West Midlands Special Needs Transport, 218-220 Windsor Street, Birmingham, B7 4NE* (ટેલિફોન: *0121 333 3107)*

Ring and Ride

**રિંગ એન્ડ રાઈડ**

વેસ્ટ મિડલેન્ડ્સ સ્પેશ્યલ નીડ્સ ટ્રાન્સપોર્ટ
ચેરિટીનું રેજિસ્ટ્રેશન નંબર - 700370